# ગાંધીનગરમાં 'આપ' ભરચોમાસે ભાજપ-કોંગ્રેસને પરસેવો પડાવે છે

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકાનો ચૂંટણીજંગ ધીમે ધીમે રંગ પકડતો જાય છે. સવાર-સાંજ સમર્થકોના સમૂહો સાથે ઉમેદવારો ડોર ટુ ડોર મતદારોનો સંપર્ક સાધી રહ્યા છે. દસ દિવસ બાદ યોજાનાર કેટલા કાપશે..?! ક્યાંક જ્ઞાતિના સમીકરણો... તો ક્યાંક વિસ્તારના સમીકરણો ચાલી રહ્યા છે. એકાદ બે અપવાદ સિવાય કોઈ વોર્ડમાં પેનલ આખી જીતી જશે એવું કોઈ વિશ્વાસપૂર્વક કહી શકે તેમ નથી..! દસ દિવસ બાદ યોજાનાર પલ્લા સરખા રહ્યા અને તડજોડને અંતે ભાજપ સત્તા સ્થાને બેઠી... જ્યારે આ વખતે સીધા જંગના બદલે ત્રીપાંખીયો જંગ ખેલાવાનો હોવાથી કોઈ આગાહી કરી શકવા માટે શક્તિમાન નથી..!! ભાજપ પોતાના બુથ મેનેજમેન્ટ અને કારણે જીતની આશા બંધાઈ છે, પરંતુ સંકલનનો સદંતર અભાવ આંખે ઉડીને વળગે છે અને હજુ પ્રચારકાર્ય સિમિત વિસ્તારોમાં જ દેખાઈ આવે છે. જ્યારે આ બન્ને પક્ષો કરતા પ્રથમ વખત જ એન્ટ્રી લેતા આમ આદમી પાર્ટીએ કરવાની મહેનત ખુબ જ કરી રહ્યા છે. આમ ભર ચોમાસે 'આપ' કોંગ્રેસ અને ભાજપને પરસેવો પડાવે છે તેમ કહી શકાય તેમ છે.

મહાજંગના પગલે ભાજપના તમામ સક્રીય કાર્યકરો કોઈ ને કોઈ રીતે પ્રચારમાં લાગી

## ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પરિણામો જે આવે તે પણ ચર્ચા આખુ વરસ ગાજતી રહેશે

**મહાનગરનો મહાજંગ**

## શહેરમાં સવાર-સાંજ કાર્યકરોના ટોળા સાથે ડોર-ટુ-ડોર પ્રચારકાર્ય આરંભાતા વધતો રાજકીય ગરમાવો

છેલ્લા બે દિવસથી ચૂંટણીનો ગરમાવો ધીમે ધીમે પકડાતો હોય તેવું ચર્ચાય છે. ખાસ કરીને આમ આદમી પાર્ટીના આક્રમક પ્રચારથી કોંગ્રેસ અને ભાજપમાં ઉચાટ વધતો જાય છે. બન્ને પક્ષે ચિંતા છે કે આમ આદમી પાર્ટી કોના મત ચૂંટણીજંગ ખુબજ રસપ્રદ અને રોમાચંક બની રહેશે એવું ચોક્કસ છે.

અગાઉની બે ચૂંટણીઓમાં કોંગ્રેસ-ભાજપ વચ્ચેની તીવ્ર રસાકસીમાં પહેલી વખત કોંગ્રેસનો હાથ ઉપર રહ્યો તો બીજી વખત કાર્યકરોના સમુહના કારણે જીતવાનો વિશ્વાસ ધરાવે છે. જ્યારે જુથબંધી... નો રીપીટ થીયરી અને અસંતુષ્ટોના કારણે ભાજપને ભારે ચિંતા પણ છે. કોંગ્રેસ પરંપરાગત મતબેંક ઉપર આધાર રાખીને બેઠી છે. પાંચેક વોર્ડમાં આક્રમક ઉમેદવારોને આક્રમકતાથી પ્રચાર આરંભ્યો છે. ડોર-ટુ-ડોર... નુક્કડ સભાઓ... અને શહેરના પ્રાઈમ લોકેશન ઉપર મતદારોને મળવાનો પ્રયોગ આકર્ષણ જમાવે છે. નવો પક્ષ છે... નવા ઉમેદવારો છે... એટલે મતદારોનો વિશ્વાસ સંપાદન રહ્યા છે. ગમા-અણગમા... સંતોષ-અસંતોષ... આ બધાની વચ્ચે હાઈકમાન્ડની ધાકથી ડોર ટુ ડોરમાં અથવા ગૃપ મીટીંગોમાં ગણગણાટ વચ્ચે પણ અસંતુષ્ટો જોડાઈ રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



શહેરમાં વરસાદી ઝાપટા સાથે અનેક ઠેકાણે પાણી ભરાયા છે. જયારે વરસાદના હળવા ભારે ઝાપટાના અંતે શહેરમાં અનેકવિધ સમસ્યાઓ ઉભી થઈ છે. વરસાદી પાણીના લીધે અનેક ઠેકાણે માર્ગોનુ ધોવાણ થઈ ગયુ છે. કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ અનેક દુવિધાઓથી નાગરિકો અકળાઈ રહ્યા છે. કુડાસણ જવાનો માર્ગ ચિથરેહાલ બન્યો છે. વરસાદી પાણીમાં આખા માર્ગ પર મોટામસ ગાબડા અસ્તિત્વમાં આવ્યા છે. વાહનચાલકોની કમર તુટી જાય તેવા ગાબડા ગ્રસ્ત માર્ગ પર દ્વિચક્રી વાહનચાલકો પોતાનુ વાહન બંધ કરીને દોરવીને જવાનુ પસંદ કરે છે. ગાબડાઓથી સુશોભિત આ માર્ગની હાલત છેવાડાના ગામથી પણ બદતર છે. સ્માર્ટ સીટી ની ફુટપાથ જેવી હાલત પણ માર્ગોની થઈ રહી છે. વાહન ચાલકો તેમજ વોકીંગ કરનારા બન્ને સલામતી જોખમમાં છે. વિકાસની હવા હવાઈ વાતો વચ્ચે માળખાગત સુવિધાઓ પણ છીનવાઈ રહી છે

**ગાંધીનગરની ફુટપાથ માય ફુટ..**

# સ્માર્ટ સીટીમાં સ્માર્ટ કામગીરીના લીધે ફુટપાથની વેરણછેરણ

### ખ-૦ થી ગ-૦ તરફના માર્ગ પર ફુટપાથ પર મોટા ગાબડા માટી પોલાણ થવાના લીધે નાગરિકો ગબડી પડે છે

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે કરોડો રૂપિયાના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે. પાટનગરને સ્માર્ટ બનાવવા માટે નવા કામો કરવા માટે કોર્પોરેશનના અધિકારીઓ ઉત્સાહી જોવા મળે છે. પરંતુ આડેધડ ખોદકામના અંતે શહેરમાં ઠેર ઠેર મોટામસ ગાબડા પુરવા માટે જરા પણ દરકાર લેવાતી નથી. જેના લીધે સ્થાનિકો માટે જોખમી સ્થિતિનુ નિર્માણ થયુ છે. વોકીંગ માટે નિર્માણ કરાયેલા વોક વે પર નાગરિકો ગબડી પડે છે. શહેરમાં અગાઉ વરસાદી પાણીના નિકાલ માટે ખોદાયેલા



ખાડાના અંતે વોક વે પર અસ્તિત્વમાં આવેલા ગાબડા એક વર્ષના અંતે પણ પુરાયા નથી. શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગોની ફુટપાથ પર મોટા ગાબડા જોવા મળે છે. ઘણાં ઠેકાણે ફુટપાથ બેસી ગઈ છે. જયારે ઘણાં ઠેકાણે શોર્ટ કટસ માટે ફુટપાથ પર ગાબડા પાડી દેવાયા છે. પરંતુ મોટાભાગના ઠેકાણે માટી પોલાણ થવાના લીધે ફુટપાથ વેરણછેરણ બની છે. આમછતા કોર્પોરેશનના તંત્ર દ્વારા ફુટપાથની જાળવણી માટે કોઈ પગલા લેવાયા નથી.

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની ચૂંટણીઓને લઈ તૈયારીઓમાં વ્યસ્ત થતુ તંત્ર : ૨૪-૨૫ ના રોજ તાલિમ અપાશે

### રાજ્ય ચૂંટણી પંચે આજે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી તૈયારીઓ અંગે ચૂંટણી અધિકારીઓ સાથે સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૨૧

આગામી ૨૪મી અને ૨૫મી સપ્ટેમ્બરના રોજ ચૂંટણીની ફરજ પર નિમાયેલા પોલિંગ ઓફિસરો તેમજ પ્રિસાઈડીંગ ઓફિસરોને તાલિમ આપવામાં આવશે. રાજ્ય ચૂંટણી પંચ દ્વારા આજે ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણી અંગેની તૈયારીઓની સમીક્ષા માટે યોજાયેલી બેઠકમાં આ નિર્ણયની જાણ કરવામાં આવી હતી.

ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીની તૈયારીઓ ખાસ કરીને સંવેદનશીલ, અતિ સંવેદનશીલ મતદાન મથકો પરના પોલીસ બંદોબસ્ત તેમજ કોરોનાની ગાઈડલાઈનના પાલન માટે આરોગ્ય વિભાગ સાથે સંકલનમાં રહી જરૂરી તમામ વ્યવસ્થાઓ ઝડપથી ઉભી કરી લેવા માટેની સૂચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત બાયો મેડિકલ વેસ્ટના નિકાલ માટેની વ્યવસ્થા પણ મતદાન મથકની નજીકમાં જ કરવામાં આવે તેવી સૂચનાઓ પણ આપવામાં આવી છે. રાજ્ય ચૂંટણી પંચે આદર્શ આચારસંહિતાના અમલ પર અને કોરોનાની ગાઈડલાઈનના પાલન પર ખાસ ભાર મુક્યો છે. પંચે તંત્રને મતદાર જાગૃતિ અભિયાનમાં પણ માસ્ક પહેરવાની સૂચના તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગનું પાલન થાય તે માટેની જાગૃતિ પર વિશેષ ભાર મુકવાની પણ સૂચનાઓ જારી કરી છે. ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીનું મતદાન ૩જી ઓક્ટો.ના રોજ થનાર છે. આ માટે તંત્રએ પણ આજથી તેનો ગિયર બદલી અને ચૂંટણીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યુ છે. મતદાન માટે ઝોનલ ઓફિસરોના રૂટ પણ નિયત કરી દેવામાં આવ્યા છે તેમજ ડિસ્પેચીંગ અને રિસીવીંગની વ્યવસ્થા અંગેની તૈયારીઓ પણ શરૂ કરી દીધી છે. આ સપ્તાહના અંત સુધીમાં તાલિમ પૂર્ણ થયા બાદ મતદાર જાગૃતિ અભિયાન વેગીલુ બનાવવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

# શહેરમાં જુદી જુદી કક્ષાના ૪૫૨૮ આવાસો જોખમી હાલતમાં

### જોખમી આવાસો ખાલી કરાવાનુ તંત્ર માટે શિરદર્દ સમાન : 30 ટકા મકાનો જ ખાલી હોવાનો અંદાજ

ગાંધીનગર તા ૨૧

શહેરના સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના રહેણાંકને લાયક રહ્યા નથી. દાયકાઓ જુના આવાસોમાંથી પોપડા ખરવાની સાથે રહીશો માથે ખતરો જળુંબી રહ્યો છે. એક સર્વે મુજબ હાલની સ્થિતિએ સેકટરોમાં વિવિધ કક્ષાના કુલ ૪૫૨૮ મકાનો જોખમી છે. આ આવાસો તબક્કાવાર ખાલી કરાવી કડુસલો કરી દેવાશે.

શહેરમાં જોખમી આવાસોની સંખ્યા વધી છે. આમ તો સેકટરોમાં રહેણાંકને લાયક આવાસો રહ્યા નથી. પરંતુ હાલ ઉપલબ્ધ મકાનો પૈકી મોટાભાગના જોખમી હોવાનુ પણ સ્પષ્ટ થયુ છે. સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હોવાથી તબક્કાવાર ખાલી કરાવામાં આવી રહ્યા છે. શહેરમાં સે-૬ થી ૩૦ માં કુલ ૪૫૨૮ જેટલા મકાનો જોખમી છે.

જો કે આ પૈકી ૭૦ ટકા મકાનોમાં રહીશોનો વસવાટ છે. જયારે ૩૦ ટકા મકાનો ખાલી છે.

**સેકટરોમાં જુદી જુદી કક્ષાના જોખમી આવાસો**

| | |
|---|---|
| જ ટાઈપ | ૧૪૦૬ |
| જ-૧ ટાઈપ | ૨૪૦ |
| જ-૨ ટાઈપ | ૧૦૮ |
| છ ટાઈપ | ૧૫૭૦ |
| ચ ટાઈપ | ૭૦૨ |
| ચ-૧ ટાઈપ | ૨૫૮ |
| ઘ ટાઈપ | ૧૦૦ |
| ગ-૧ ટાઈપ | ૧૪૪ |
| કુલ | -૪૫૨૮ |

સેકટરોમાં સર્વેના અંતે જોખમી મકાનો નિયત થયા બાદ તબક્કવાર મકાનો તોડવા માટે પણ મંજુરીના અંતે કામગીરી હાથ ધરવામાં આવે છે. દાયકાઓ જુના સરકારી આવાસોમાં સુવિધાઓનો તો અભાવ છે પરંતુ મકાનોની છત પણ સલામત નથી. વરસાદી દિવસોમાં વાંરવાર આવાસોની છતમાંથી પોપડા ખરતા હોવાની ઘટના પણ બને છે.

જોખમી આવાસો જાહેર કરાયા બાદ તંત્ર દ્વારા મકાનો ખાલી કરાવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે. પરંતુ રહેણાંકને લાયક પુરતા મકાનો ન હોવાથી રહીશોને વૈકલ્પિક સુવિધા પુરી પાડવાનુ પણ તંત્ર માટે શિરદર્દ સમાન બન્યુ છે. શહેરમાં જુદી જુદી કક્ષાના અંદાજિત ૪૫૨૮ આવાસો જોખમી હાલતમાં છે. રહેણાંકને લાયક મકાનોના અભાવે કર્મચારીઓને હાલાકી વેઠવી પડે છે. સેકટરોમાં અત્યાર સુધી વિવિધ કક્ષાના જોખમી આવાસો તોડી પાડવામાં આવ્યા છે. આવાસોનો કડુસલો કરવાની સાથે જોખમી આવાસો પણ ખાલી કરાવવા માટે કાર્યવાહી ચાલી રહી છે.

## રાયસણમાંથી એક યુવાનનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર શહેરમાં એક પખવાડિયા બાદ આજે કોરોનાનો એક કેસ નોંધાયો છે. પખવાડિયા પછી નોંધાયેલા કેસને પગલે તંત્ર એલર્ટ બની ગયુ છે અને સઘન સર્વેલન્સ તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગના પાલન માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે રાયસણમાંથી એક ૩૩ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

મળતી વિગતો પ્રમાણે સામાજિક પ્રસંગમાં હાજરી આપવા માટે આ યુવક વિદેશથી આવેલ છે. તેણે કોરોનાની વેક્સિન પણ લીધેલી છે.

તંત્રએ સઘન સર્વેલન્સની સૂચનાઓ આપી છે. શહેરમાં આ કોરોનાનો એક જ દર્દી જે હાલ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો આજે પણ એકેય કેસ નોંધાયો નથી. શહેરમાં આજે મળી આવેલા કેસને પગલે તંત્ર પણ એલર્ટ મોડમાં આવી ગયેલ છે.



શહેરમાં છેલ્લા પાંચ દિવસથી વરસાદી ઝાપટા યથાવત છે. હળવા ભારે વરસાદના લીધે સેકટરોમાં નજર નાંખો ત્યાં ઠેર ઠેર પાણી જોવા મળે છે. શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો તેમજ કોમન પ્લોટમાં પણ પાણીનો ભરાવો જોવા મળે છે. જયારે વરસાદના લીધે કેટલાક ઠેકાણે કોમન પ્લોટ બેટમાં ફેરવાયા છે. ચ-૬ થી જી આઈ ડી સી જવાના માર્ગ પર વરસાદી પાણીના ભરાવાના લીધે વાહનચાલકો ત્રાહીમામ પોકારી ગયા છે. જયારે આ વિસ્તારના રહીશોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે.

# જિલ્લાના ૨૬૦ ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી ૧૦૦ ટકા સંપન્ન થઈ

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં કોરોના વેક્સિનેશન અભિયાનમાં આજે ૨૬૦ જેટલા ગામોમાં વેક્સિનના પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે યોજાયેલા અભિયાનમાં ૮ હજારથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. જયારે શહેરમાં ૫૦૦ લોકોને આજે આવરી લેવામાં આવ્યા હતા.

ગ્રામીણ વિસ્તારમાં ૨જી ઓક્ટો. સુધી તમામ ગામોમાં ૧૦૦ ટકા વેક્સિનના પ્રથમ ડોઝની કામગીરી પૂર્ણ થાય તે માટે આક્રમક રણનીતિ સાથે તંત્ર આગળ વધી રહ્યુ છે. ગ્રામીણ વિસ્તારમાં રાત્રિ સેશન પણ વેક્સિનેશન માટે શરૂ કરવામાં આવ્યા છે.

તંત્રએ વેક્સિનેશન અભિયાનને લઈ ચારેય તાલુકામાં ખાસ લાયઝન ઓફિસરોની પણ નિયુક્તી કરી છે અને તેમણે તેમની કામગીરીનો ચાર્જ સંભાળી લીધો છે. ગઈકાલે પણ રાત્રે ૧૦.૩૦ સુધી વેક્સિનેશનની કામગીરી ગ્રામ્ય વિસ્તારમાં ચાલી હતી. આજે પણ રાત્રિના સમયે વેક્સિનેશન અભિયાન ચાલુ હોવાનું સૂત્રોએ જણાવ્યુ છે. છેલ્લા બે દિવસમાં ૧૨ થી વધુ ગામોમાં વેક્સિનેશનની પ્રથમ ડોઝની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન થઈ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મહાનગરપાલિકા વિસ્તારમાં પણ ૨જી ઓક્ટો. સુધીમાં વેક્સિનની ૧૦૦ ટકા કામગીરી સંપન્ન કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્ય છે. મનપાના તંત્રએ હવે જે વિસ્તારોમાં લોકો બાકી રહી ગયા છે તે વિસ્તારોમાં જ વેક્સિનેશનની સાઈટો શરૂ કરવાનું આયોજન કરી દીધુ છે. આ વિસ્તારોમાં ખાસ કેમ્પ કરી અને અભિયાન આગળ ધપાવવામાં આવશે તેમ મનપાના સૂત્રોએ જણાવ્યુ છે.

તંત્ર દ્વારા કરવામાં આવેલા ઉતાવળે સર્વેમાં ૧૨ હજાર જેટલા લોકોનું વેક્સિનેશન બાકી હોવાનું તારણ નીકળ્યુ હતુ. શહેરમાં હાલ વેક્સિનના બીજા ડોઝની કામગીરી પણ ઝડપથી ચાલી રહી હોવાનું જાણવા મળેલ છે.

ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૭,૬૨,૧૪૪ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૩,૨૧,૪૨૮ લોકોને વેક્સિનના બન્ને ડોઝ આપવામાં આવ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
Kisan®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com